| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 20/04/2023 |
| PAGE : | 3 |

# ઈડીઆઈઆઈના 69% વિદ્યાર્થીનાં સ્ટાર્ટઅપ વાર્ષિક 25 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવે છે

## ઈન્સ્ટિટ્યૂટની સ્થાપનાને 40 વર્ષ, છેલ્લાં 3 વર્ષમાં 57 દેશના વિદ્યાર્થી અભ્યાસ માટે આવ્યા

**એજ્યુકેશન રિપોર્ટર | ગાંધીનગર**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ને 40 વર્ષ પૂરાં થયાં છે, જેમાં દેશભરના વિદ્યાર્થીઓ આંત્રપ્રિન્યોરશિપનો અભ્યાસ કરવા આવે છે. ત્રણ વર્ષમાં 57 દેશના 384 વિદ્યાર્થી અહીં આવી ચૂક્યા છે. ઈડીઆઈઆઈનો સફળતા દર 78 ટકા છે. એટલે કે દર વર્ષે પાસ થનારા વિદ્યાર્થીઓમાં 78 ટકાએ પોતાનાં સ્ટાર્ટઅપ્સ અથવા ફેમિલી બિઝેનસ બનાવ્યાં છે, જેમાં 69 ટકા વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ વર્ષે સરેરાશ 25 કરોડનું ટર્નઓવર ધરાવે છે. 25 કરોડથી વધુનું વાર્ષિક ટર્નઓવર કરનારા 18 ટકા સ્ટાર્ટઅપ છે. સ્ટાર્ટ-અપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (SVEP) નામના પ્રોજેક્ટમાં નેશનલ રિસોર્સ ઓર્ગેનાઇઝેશન તરીકે ઈડીઆઈઆઈની નિમણૂક કરાઈ હતી.

### આગામી 5 વર્ષમાં એમએસએમઈ ગ્રોથ પર કામ કરાશે

ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાના જણાવ્યા અનુસાર, આગામી પાંચ વર્ષમાં એમએસએમઈ ગ્રોથ પર મોટા પાયે ધ્યાન કેન્દ્રિત કરાશે. અમે દેશભરની ઘણી યુનિવર્સિટીમાં આંત્રપ્રિન્યોરશિપને સંસ્થાકીય બનાવવાની આશા રાખીએ છીએ.

### 11 રાજ્યમાં ટ્રેનિંગ આપી 543 સ્ટાર્ટઅપ ઊભાં કર્યાં

અત્યાર સુધીમાં ઈડીઆઈઆઈએ 11 રાજ્યમાંથી 919 આંત્રપ્રિન્યોરને તાલીમ આપી 543 સ્ટાર્ટઅપ ઊભાં કર્યા છે. મહિલાઓ અને હેન્ડિક્રાફ્ટ સેક્ટરના લોકોને તાલીમ આપી 23.84 કરોડની આવક ઊભી કરી છે.